ભારત સરકારની ૧૦૦% કેન્દ્રીય સહાયથી અમલીકૃત લઘુમતીઓના વિદ્યાર્થીઓની મેરીટ કમ મીન્સ, પોસ્ટ મેટ્રીક અને પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાઓની કામગીરી માટે આઉટ સોર્સીંગથી રાખેલ માનવબળની મુદ્દત લંબાવવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક: SJED/MSM/e-file/17/2022/0091/A Section
સચિવાલય, ગાંધીનગર

**વંચાણે લીધા**:

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા:૦૮/૦૫/૨૦૨૩ નો સમાનાંકી ઠરાવ.

(૨) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા:૦૯/૧૧/૨૦૨૪ નો પત્રાંક: DDCW/0007/11/2024

**પ્રસ્તાવના**:

આ વિભાગના વંચાણે લીધેલ ક્રમ (૧)ના ઠરાવથી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતે ભારત સરકારની ૧૦૦% કેન્દ્રીય સહાયથી અમલીકૃત લઘુમતીઓના વિદ્યાર્થીઓની મેરીટ કમ મીન્સ, પોસ્ટ મેટ્રીક અને પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાઓની કામગીરી માટે આઉટ સોર્સીંગથી રાખેલ માનવબળ - કોમ્પ્યુટર પ્રોગ્રામરની ૦૩ અને આસિસ્ટન્ટ કોમ્પ્યુટર પ્રોગ્રામરની ૦૧ તથા કોમ્પ્યુટર ડેટા એન્ટ્રી ઓપરેટરની ૦૧ જગ્યાની મુદ્દત તા:૦૧/૦૨/૨૦૨૪ થી વધુ ૧૧ માસ માટે લંબાવવા મંજૂરી આપવામાં આવેલ. ઉક્ત ૦૫ જગ્યાઓની મુદ્દત તા:૩૧/૧૨/૨૦૨૪ ના રોજ પૂર્ણ થતાં, નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણના વંચાણે લીધેલ ક્રમ (૨) ના પત્રથી ઉક્ત આઉટસોર્સની સેવા પુન: ૧૧ માસ માટે લેવા અત્રે દરખાસ્ત કરવામાં આવેલ હતી, જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાને અંતે, નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતે ભારત સરકારની ૧૦૦% કેન્દ્રીય સહાયથી અમલીકૃત લઘુમતીઓના વિદ્યાર્થીઓની મેરીટ કમ મીન્સ, પોસ્ટ મેટ્રીક અને પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાઓની કામગીરી માટે આઉટ સોર્સીંગથી રાખેલ માનવબળ - કોમ્પ્યુટર પ્રોગ્રામરની ૦૩ અને આસિસ્ટન્ટ કોમ્પ્યુટર પ્રોગ્રામરની ૦૧ અને કોમ્પ્યુટર ડેટા એન્ટ્રી ઓપરેટરની ૦૧ જગ્યાની સેવાઓ નીચે મુજબના દરો અને શરતો અનુસાર તા:૦૧/૦૧/૨૦૨૫ થી વધુ ૧૧ માસ માટે આઉટસોર્સથી મેળવવા આથી મંજૂરી આપવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનું નામ | સંખ્યા | માસિક પગાર (અન્ય ચાર્જીસ સિવાય) |
|---|---|---|---|
| ૧ | કોમ્પ્યુટર પ્રોગ્રામર | ૦૩ | રૂ. ૨૫,૦૭૨/- |
| ૨ | આસિસ્ટન્ટ કોમ્પ્યુટર પ્રોગ્રામર | ૦૧ | રૂ. ૧૮,૪૩૪/- |
| ૩ | કોમ્પ્યુટર ડેટા એન્ટ્રી ઓપરેટર | ૦૧ | રૂ. ૧૫,૦૦૦/-<br>અથવા<br>શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના પ્રવર્તમાન લઘુત્તમ વેતન – આ બંનેમાંથી જે વધુ હોય તે મુજબ |

**શરતો**:-

૧. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ સંબંધિત નાણાંકીય વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

૨. પ્રસ્તુત બાબતે પ્રવર્તમાન નિયમોને આધીન સંબંધિત નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

૩. આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતોવખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

૪. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

૫. આ મંજૂરી અંગે કરવાનાં થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતનો અમલ કરવાનો રહેશે.

૬. આઉટસોર્સથી સેવાઓ મેળવતા માનવબળના માસિક મહેનતાણાની ગણતરી માટે શ્રમ આયુક્ત કચેરી, ગુજરાતના તા:૦૧/૦૪/૨૦૨૩ ના

પરિપત્રમાં દર્શાવેલ વિગતવાર ગણતરી પત્રકનો આધાર લેવાનો રહેશે તથા લઘુત્તમ વેતનધારા અધિનિયમ, ૧૯૪૮ અન્વયે શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ દ્વારા વખતોવખત બહાર પાડવામાં આવતી સૂચનઓનું પાલન કરવાનું રહેશે.

૭. આ જગ્યાની સેવાઓ વધુ ૧૧ માસ માટે લંબાવવાની જરૂર જણાય તો નાણાં વિભાગની મંજૂરી મેળવી લેવાની રહેશે તે સિવાય જગ્યાઓ ચાલુ રાખી શકાશે નહીં. આ જગ્યાઓની મુદ્દત પૂરી થવાના ચાર માસ પહેલા જગ્યાઓ ચાલુ રાખવાની દરખાસ્ત કરવાની રહેશે.

૮. ઉક્ત જગ્યા પર ફરજ બજાવતા માનવબળની વિગતો તથા તેમના દ્વારા કરવામાં આવેલ કામગીરીનો અહેવાલ વિભાગને રજૂ કરવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા:૦૬/૦૩/૨૦૨૫ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

e-sd/-

(હરિત આર. દોશી)

સેક્શન અધિકારી

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

<u>પ્રતિ</u>,

- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, બ્લોક નં. ૪/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ / રાજકોટ.
- સેક્શન અધિકારીશ્રી (ઝ-૧), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી (બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી (કમ્પ્યુટર સેલ),સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર- આ ઠરાવ વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા સારુ)
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર ( નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ મારફત)
- શાખા સિલેક્ટ ફાઇલ - ૨૦૨૫
- નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ.